| Volume 7 | Issue 1 | SEP. 2024

MAKTABAH JAFARIYAH Knowledge & Research Academy

The International Journal

ISSN 2581-4354

# પ્રકૃતિપ્રેમી કવિ જયંતપાઠક

**ડૉ. વિજેતાકુમારી વી. ગામીત**

*અધ્યાપક સહાયક, ગુજરાતી વિભાગ, એસ.ડી. આર્ટ્સ એન્ડ શાહ બી.આર. કોમર્સ કોલેજ, માણસા, જિ. ગાંધીનગર-પિન.382845*

## પૂર્વભૂમિકા :

કુદરતનું સૌંદર્ય એ દૈવી સર્જનની અલૌકિક, અનંત અને અનોખી કળાનું અદ્ભુત ઉદાહરણ છે. પ્રકૃતિ એ તમામ પ્રકારની સુંદરતાનો મૂળ સ્ત્રોત છે. માણસ સૌંદર્યનો ઉપાસક છે. સૌંદર્યલક્ષી ફિલસૂફી એ તેમનો સ્વાભાવિક સ્વભાવ છે. પ્રકૃતિની સુંદરતા દરેકને આકર્ષે છે. સર્જક પ્રકૃતિના અનોખા અને અનંત સૌંદર્ય તરફ સ્વાભાવિક રીતે જ આકર્ષિત છે. ગુજરાતી સાહિત્યના મધ્યકાલીનથી અનુઆધુનિક સાહિત્યકારોએ સાહિત્યમાં પ્રકૃતિનું નિરૂપણ કર્યું છે. લેખકોએ પ્રકૃતિના સમર્થન, ઉત્તેજના, પૃષ્ઠભૂમિની રચના, સુશોભન, માનવીકરણ, રહસ્યવાદી, ઉપદેશાત્મક, પ્રતીકાત્મક વગેરેના વિવિધ સ્વરૂપોનો ઉપયોગ કર્યો છે. તેમણે સંજોગો અને તેમના વ્યક્તિગત દૃષ્ટિકોણના આધારે માનવ જીવન સાથે સંબંધિત વિચારો અને લાગણીઓને સ્પષ્ટ અભિવ્યક્તિ આપી. સમગ્ર ગુજરાતી સાહિત્યમાં પ્રકૃતિની અત્યંત સંવેદનશીલતા કવિઓની અભિવ્યક્તિથી ઉભરી આવી છે. અભિવ્યક્તિની ભવ્યતા, અલંકારોની સુશોભિતતા અને મધુરતા એ પ્રકૃતિ નિરૂપણની વિશેષતા રહી છે. જેના કારણે મનુષ્ય અને પ્રકૃતિ વચ્ચે એક પ્રકારનો સમન્વય સ્થાપિત થયો છે. કુદરત અને મનુષ્ય વચ્ચે ગાઢ સંબંધ છે, જે અતૂટ છે, શાશ્વત છે. પરંતુ, કુદરત દ્વારા, પ્રકૃતિ અને માનવ બંને પરિવર્તનશીલ છે, તેથી બંને વચ્ચેનો સંબંધ પણ ગતિશીલ રહે છે. જેના કારણે સાહિત્યમાં પ્રકૃતિને વિવિધ સ્વરૂપોમાં રજૂ કરવામાં આવી છે. વૈદિક સાહિત્ય, ઉપનિષદો અને ભારતીય સાંખ્ય ફિલસૂફીમાં પ્રકૃતિને શાશ્વત ચેતના માનવામાં આવે છે; અને પ્રકૃતિ સાહિત્યમાં સ્થૂળ અને સૂક્ષ્મ એમ બંને સ્વરૂપે દેખાય છે. પ્રાચીન સાહિત્યમાં કુદરતનું નિરૂપણ પ્રબળ હતું, પરંતુ પ્રકૃતિ પ્રત્યેનો સ્વાભાવિક પ્રેમ ઓછો હતો. આ યુગમાં, લગભગ તમામ પ્રકૃતિનું નિરૂપણ તૈયારી વિનાના કાયદા અને પ્રેરણા હેઠળ આવે છે. મધ્યકાળના સાહિત્યમાં પ્રકૃતિનું સ્થાન મોટે ભાગે ગૌણ હતું. આ સમયગાળા દરમિયાન, પ્રાસંગિક અને આદર્શ શબ્દોના ઉપયોગને કારણે પ્રકૃતિનું નિરૂપણ સંયમિત રહ્યું. પરંપરાગત સાહિત્યમાં શણગારના વર્ચસ્વને કારણે, પ્રકૃતિનો ઉપયોગ પ્રેરણા અને સુશોભન તરીકે કરવામાં આવ્યો છે. આધુનિકયુગના પ્રયોગશીલ કવિઓએએ તેમની લાગણીઓ બૌદ્ધિક રીતે વ્યક્ત કરી છે. સમયની વાસ્તવિકતાઓ અને લાગણીઓને વ્યક્ત કરવા માટે તેણે ઘણીવાર પ્રકૃતિનો ઉપયોગ કર્યો છે. નવી કવિતામાં પ્રકૃતિના નિરૂપણના પરંપરાગત અને આધુનિક બંને સ્વરૂપો છે. તેમણે પ્રકૃતિ દ્વારા જીવનના સમયની વિડંબનાઓ, સમસ્યાઓ અને સંવેદનાઓને આબેહૂબ અભિવ્યક્તિ આપી છે. પ્રકૃતિનું સંતુલન જાળવવામાં વૃક્ષો અને વનસ્પતિનો મહત્વનો ફાળો છે. વિકાસના નામે માણસ કુદરત સાથે ચેડા કરી રહ્યો છે. તે પોતાનું સંતુલન ગુમાવી રહ્યો છે. પ્રકૃતિનું રક્ષણ કરવાને બદલે તે તેનો નાશ કરી રહ્યો છે. ગુજરાતી કવિઓએ હંમેશા તેમના સાહિત્ય દ્વારા પ્રકૃતિનું મહત્વ દર્શાવ્યું છે. પ્રકૃતિના ઊંડા રહસ્યો અને તથ્યો જાહેર કર્યા છે. પ્રકૃતિ સંરક્ષણ પ્રત્યે જનજાગૃતિ લાવવા અને પ્રકૃતિ ચેતનાને જાગૃત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. સૌંદર્ય અને પ્રકૃતિ વચ્ચે પારસ્પરિકતા

દર્શાવતા તેમણે કહ્યું કે સૌંદર્ય એ પ્રકૃતિ છે અને પ્રકૃતિ એ સૌંદર્ય છે.

**ચાવીરૂપ શબ્દો:** વસંત, વગડો, નિર્જર, ગ્રીષ્મ, મુગ્ધ

**કવિ પરિચય:**

જયંત હિંમતલાલ પાઠકનો જન્મ ૨૦ ઓક્ટોબર ૧૯૨૦ના રોજ ઈચ્છાબા અને હિંમતલાલ જોઈતારામ પાઠકને ત્યાં ગુજરાતના પંચમહાલ જિલ્લાના ગોઠ ગામમાં થયો હતો. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક, કુમાર સુવર્ણ ચંદ્રક, નર્મદ સુવર્ણ ચંદ્રક, ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક, સાહિત્ય અકદાદમી જેવા પારિતોષિકો પ્રાપ્ત થયા હતા. ઈ.સ. ૧૯૯૦-૧૯૯૧ના વર્ષમાં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ રહ્યા હતા. કવિનું અવસાન ૧ સપ્ટેમ્બર ૨૦૦૩માં થયું હતું અને તેમના માનમાં જયંત પાઠક કવિતા પુરસ્કાર અર્પણ થાય છે.

**પ્રકૃતિપ્રેમી કવિ જયંત પાઠક:**

જયંત પાઠક પ્રકૃતિપ્રેમીના કવિ છે. તેમના કાવ્યમાં પ્રકૃતિ સોળેકળાએ ખીલેલી જોવા મળે છે. 'રોકો વસંતને' કાવ્યની પંક્તિ જોઈએ:

*"આવતી રોકો વસંતને,*
*મારે આંગણિયે ફુલડાના ફાલ,*
*આવતી રોકો વસંતને."*

- ('રોકો વસંતને', જયંત પાઠક)

આ પંક્તિમાં કવિ કહેવા માગે છે કે મારે આંગણે ફૂલના ફાલ આવ્યા છે. જો વસંત આવશે તો ફૂલ કરમાઈ જશે. આથી હમણાં વસંતને આવવા ન દો. એને રોકી લો. આમ, અહી કવિ પ્રકૃતિના તત્વની સાથે પોતાની વેદના વ્યક્ત કરે છે.

ઉનાળાનો તડકો આકારો હોય છે. આથી આ દિવસો કાઢવા સૌ કોઈ માટે કપરા બને છે. જેની વાત કરતાં કવિ 'ઉનાળાનો દિવસ' કાવ્યમાં પ્રકૃતિના સ્વરૂપની યાદ કરતાં કહે છે કે-

*"ઉનાળાનો લાંબો દિવસ સરતો મંથરગતિ,*
*સરે જાણે કોઈ અજગર ગળ્યા બાદ અજને;*
*નિદાઘે શોષાયો કૃરાતનું યથા નિર્જર વને,*
*વિયોગી પ્રેમી શો રમણ નહિ જેની નહિ રતિ."*

- ('ઉનાળાનો દિવસ', જયંત પાઠક)

ઉપયુક્ત પંક્તિમાં કવિ કહે છે કે જેમ કોઈ અજગર બકરીને ગળી જાય અને પછી ધીમે ધીમે સરકે છે, ધોધ ધીમે-ધીમે વહીને શોષાય જાય છે અને જેમ પ્રેમી પોતાની પ્રિયતમાની વિયોગમાં રાહ જોતો હોય એટલી મંદ ગતિથી ઉનાળાનો દિવસ પસાર થાય છે. આ કાવ્ય કવિએ શિખરિણી છંદમાં લખેલું છે.

એવી જ રીતે કવિએ રેવા નદીનું ચિત્ર પણ ઉનાળાના દિવસોમાં ચિત્રિત કરી આપ્યું છે. જેની અનુભૂતિ દરેક સહૃદય ભાવક અનુભવે છે.

*"બપોર, વળી ગ્રીષ્મનો, ધગધગી ઉઠ્યું ભાઠું આ*
*વિશાળ નદીનું, ન હિંમત હવાની યે આવવા,*
*બહાર નદીના જલો પર સવાર થૈ ખેલવા,*
*ન પંખી ઊડતું, ન કે ટહુંકતું... શી મૂર્છાદશા !"*

- ('ઉનાળાનો દિવસ', જયંત પાઠક)

કવિ કહે છે કે રેવા-નર્મદા નદીના કિનારે કેવી જામી છે. બહાર નદીના નીર પર સવાર થઈ ખેલવા પંખી પણ ઊડતું નથી અને ટહુકતું પણ નથી. અહી હવાની પણ હિંમત થતી નથી કે આવી શકે.

પ્રકૃતિપ્રેમી કવિ વન વગડાનું વર્ણન કરતાં 'થોડો વગડાનો શ્વાસ' કાવ્યમાં કવિ કહે છે કે –

*"થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં*
*પ્હાડોના હાઠ મારા પિંડમાં ને,*
*નાડીમાં નાનેરી નદીઓના નીર;*

*છાતીમાં બુલબુલનો માળો ને*

*આંગળીમાં આદિવાસીનું તીણું તીર."*

- ('થોડો વગડાનો શ્વાસ', જયંત પાઠક )

અહી કવિ પોતે જ એક પ્રકૃતિ હોય એવું સૌ વાચક અનુભવે છે. કવિમાં પ્રકૃતિના બધાજ રૂપો જાણે સમાઈ ગયા હોય એવું લાગે છે.

*'સૂરજનો રંગ મારાં પાંદડાં પીએ ને*

*પીએ માટીની ગંધ મારાં મૂળ;*

*અર્ધું તે અંગ મારું પીળા પતંગિયા ને*

*અર્ધું તે તમરાનું કુળ;'*

*થોડા અંધારે, થોડો ઉજાસમાં,*

*થોડો ધરતીમાં, થોડો આકાશમાં,*

*થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં.'*

- ('થોડો વગડાનો શ્વાસ', જયંત પાઠક )

કવિ અહી જાતે વૃક્ષ બની ગયા હોય એવી અનુભૂતિ થાય છે. પોતે વગડાનું વૃક્ષ હોય એમ પાંદડાં પણ આકાશ લગી ફેલાઈ સૂરજનો રંગ પીએ છે. વૃક્ષના મૂળિયાં પણ માટી સાથે જોડાયેલા છે અને તે માટીની ગંધને પી રહ્યાં છે. વૃક્ષ પણ નગરરૂપી આકાશમાં વિહાર કરતું અને ફેલાતું હોવા છતાં પોતાની વતનની માટીથી વૃક્ષ અને કવિ બંને જોડાયેલા ન હોય એમ 'મારું અર્ધું અંગ પીળા પતંગિયા અને અર્ધું તમરાનું કૂળ' હોવાની પ્રતીતિ કરાવતા તે પતંગિયાની પીળાશને ઉજાસ અને તમરાના પ્રતીક દ્વારા અંધકારને પ્રયોજે છે. સાથે સાથે કવિ અંધારે એટલે કે થોડો વનાંચલના ભૂતકાળમાં અને થોડો ઉજાસમાં ભવિષ્યના ઉજળા પ્રકાશની વાત કરે છે. ધરતી અને આકાશના પ્રતીક દ્વારા સ્વપરિચય કરાવે છે. વન અને નગર જીવનની વાત અહીં ગૂઢ રીતે પ્રયોજી આપી છે.

કવિ ને પ્રકૃતિ તરફનું આકર્ષણ સહજ જ છે કારણ કે તેઓ નાનપણ થી જ દાદાજી સાથે વન-વગડામાં ફરેલાં છે એટલું જ નહિ બહાર ગામ પગપાળા પ્રવાસ પણ કરેલો છે. તેમનું બાળપણ જે ગામમાં વિત્યું એ ગોઠ ગામ અને પંચમહાલ ભૌગલિક અને પ્રાકૃતિક પરિવેશમાં શરીકરણથી ભિન્ન પ્રદેશ છે. આ આખો વિસ્તાર પ્રકૃતિની ઓળખ બની રહે છે. આથી કવિમાં પ્રકૃતિપ્રેમ છલોછલ ભરેલો છે. તેમની પ્રકૃતિલક્ષી કવિતાઓમાં વૈવિધ્ય અને સમૃદ્ધિ જોવા મળે છે. તેઓ પ્રકૃતિની દરેક ઋતુઓ, ફૂલ-છોડ, વન્ય વનસ્પતિઓ, વન્ય જીવો, પશુ-પક્ષીઓ, ઔષધિઓ, જીવ-જંતુની સૃષ્ટિને તેમજ વિરલ કહી શકાય એવા પ્રકૃતિના વિરલ દૃશ્યના વૈવિધ્યમાં જયંત પાઠક અપૂર્વ અને વૈવિધ્ય છે. એમણે પ્રકૃતિના બધા જ રૂપોને પુરતો ન્યાય આપીને કાવ્યો રચ્યાં છે. પ્રકૃતિના દરેક તત્વોથી તેમણે આત્મીયતા કેળવી છે. આથી જ તેમને જ્યાં કંઈક પ્રાકૃતિક તત્વ દેખાયું તે પર તેમણે કવિતાઓ રચી છે. તેમની કવિતાઓમાં પ્રકૃતિએ જાણે કવિનું રૂપ લીધું હોય એવું લાગે છે. કવિતાનો વિષય પ્રકૃતિ હોય તેની પ્રેરણા પણ પ્રકૃતિ જ હોય છતાં પ્રકૃતિના વર્ણન નિમિત્તે અન્ય ભાવનું સુચન કરવું એ કવિની વિશેષતા છે. કવિએ બારીકાઈથી, તાર્દશતાથી અને મુગ્ધ સંવેદનશીલાતાથી કાવ્યની રચના કરી છે. પ્રકૃતિનું સૂક્ષ્મ અવલોકન કરનાર અને સહૃદય ભાવ પ્રગટાવનાર જયંત પાઠકને સમર્થ પ્રકૃતિના કવિ તરીકે ઓળખવામાં આવે છે.

**સારાંશ:**

ગાંધી વિચારધારાથી ઘડાયેલા કવિ જયંત પાઠકના રોમે-રોમમાં પૃથ્વી, તેજ, વાયુ વગેરે સાથેનો નાતો જોવા મળે છે. જયંત પાઠક ગુજરાતી સાહિત્યના એક મહત્વપૂર્ણ સાહિત્ય સર્જક છે. તેમના કાવ્યો ધર્મપ્રેમ, સામાજિક મુદ્દાઓ, માનવતાની ભાવનાઓ પર આધારિત છે. તેમની રચનાઓ અને વિચારો ગુજરાતી સાહિત્યમાં આદર્શ સ્થાન ધરાવે છે. જયંત પાઠક એક પ્રખ્યાત ગુજરાતી કવિ અને સાહિત્યકાર છે, જેના સાહિત્યિક યોગદાનથી આજે ગુજરાતી સાહિત્યએ ઉચ્ચ શિખર પ્રાપ્ત કર્યું છે. તે નાટકકાર, કવિ, લેખક અને વિચારક તરીકે પણ પરિચિત છે. તેમની લેખની શૈલી માટે વિશેષ પ્રસંગોમાં સમાજની સમસ્યાઓ, સંઘર્ષો, ધર્મ, રાજનીતિ, અને માનવતા જેવી થીમ્સ ઉમેરી છે. તેના લેખનમાં સામાજિક મૂલ્ય અને માનવતાની ભાવનાઓનું ખૂબ ચિંતન થાય છે.

જયંત પાઠકની વિશેષતા એ છે કે તે કવિતા, લેખન, નાટક અને સામાજિક અભિયાનોમાં તેમનું અભ્યાસ અને યોગદાન છે. તેમની પ્રમુખ કાવ્યરચનાઓ મર્મર, સંકેત, વિસ્મય, સર્ગ, અનુનય, વગડાનો શ્વાસ વગેરે છે. તેમના સાહિત્યિક કાર્યની મહત્વની વિશેષતા એ છે કે તેઓ માનવતા અને સમાજને લઈને માર્ગદર્શન આપવામાં સક્ષમ હતાં તેના કાવ્યો અને નાટકો માનવજીવનની વસ્તુનિષ્ઠ સમજ સુધારવાનો માર્ગ પ્રદાન કરે છે. પ્રકૃતિની સમૃદ્ધિ અપાર છલકાય છે. કવિની અનુભૂતિ સુક્ષ્મ, સબળ અને સઘન છે. પ્રકૃતિ સાથે કવિના હૃદયના તંતુ મળેલા છે. સાહિત્યનું પ્રકૃતિ સાથે હંમેશા અતૂટ જોડાણ રહ્યું છે સર્જક જે સમાજમાં રહે છે જ્યાં એનો ઉછેર થયો છે એ સ્થળ, વાતાવરણ, પ્રકૃતિ વગેરેનું વર્ણન એના રગે-રગમાં રહેલું હોય છે. માત્ર ગુજરાતી કવિઓએ જ નહીં પરંતુ અન્ય ભાષાઓના કવિઓએ પણ તેમના સાહિત્યમાં પ્રકૃતિનો સમાવેશ કર્યો છે. પ્રકૃતિના અનોખા સ્વરૂપને તેના સંવાદો, નાટકો, નવલકથાઓ અને વાર્તાઓમાં દર્શાવવામાં આવ્યું છે. જયંત પાઠકની સૂક્ષ્મ અનુભૂતિ, પ્રકૃતિ પ્રત્યેની વિશિષ્ટ દૃષ્ટિ, ભાષા શૈલી અને તેમની નિરૂપણ રીતિ ગુજરાતી કવિઓથી જુદી તરી આવે છે.

**સંદર્ભ ગ્રંથો**


૧. સં. ઉશનસ્, 'જયંત પાઠકના કાવ્યો', આદર્શ પ્રકાશન, અમદાવાદ, ૨૦૧૧
૨. રા.વિ. પાઠક, 'અર્વાચીન કાવ્ય સાહિત્યનાં વહેણો', ભારતીય સાહિત્ય સંઘ લિમિટેડ, અમદાવાદ, ૧૯૪૭
૩. રમેશ ત્રિવેદી, 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ', શબ્દલોક પ્રકાશન, અમદાવાદ, પુનમુર્દ્રણ, ૨૦૧૧
૪. દક્ષા વ્યાસ, 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી કવિતા : પરિદર્શન પૂર્વરંગ' પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, દ્વિતીય સંવર્ધિત આવૃત્તિ, ૨૦૧૦
૫. 'સાર્થ ગુજરાતી જોડણી કોશ', ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પાંચમી આવૃત્તિનું બીજું પુનમુર્દ્રણ, ૧૯૯૮
૬. ઋજુતા ગાંધી અને સી. એચ. ગાંધી, 'જયંત પાઠક : સર્જક અને વિવેચક', ન્યુ પોપ્યુલર પ્રકાશન, સુરત, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૫
૭. દિનેશ પંડ્યા, 'જયંત પાઠક : વ્યક્તિત્વ અને વાઙ્મય', પૂલસા પ્રકાશન, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૯